/

રાજ્ય સરકારની ઇ-ગવર્નન્સની નીતિ અન્વયે
વર્ગ-૧ થી વર્ગ-૩ની સીધી ભરતીમાં કોમ્પ્યુટરની
જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૭/૩૪૨૨૭૮/ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૮/૨/૨૦૦૮

<u>વંચાણે લીધા:</u> (૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૦૩/૬૭૨(૧)/ગ.૨, તા.૧૧/૮/૨૦૦૩ અને તા.૧૭/૮/૨૦૦૪.

(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૩/૬૭૨(૧)/ગ.૨, તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૨૦૦૫ અને તા.૧/૨/૨૦૦૬.

(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૬/૧૨૮૩/ગ.૨, તા.૧૦-૮-૨૦૦૬ તથા તા.ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૭/૩૯૭૧૨૧/ગ.૨, તા.૨૧/૧૧/૨૦૦૭.

(૪) સામાન્ય વહીવટ વિભાગનું જાહેરનામું ક્રમાંક:જીએસ-૨૦૦૬/ખતપ-૩૧/૧૦૨૦૦૫/૧૫૧૩/ક, તા.૩૦/૯/૨૦૦૬.

(૫) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક, તા.૩૦/૯/૨૦૦૬

## <u>ઠરાવ</u>

રાજ્ય સરકારની ઇ-ગવર્નન્સની નીતિ અન્વયે વર્ગ-૧ થી વર્ગ-૩ની જગ્યાએ સીધી ભરતીથી તેમજ બઢતીથી નિમણૂક પામનાર કર્મચારીને કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવામાં આવેલ છે. ઉમેદવારની સીધી ભરતીથી નિમણૂકની પાત્રતા માટે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૨૦૦૫, તા.૧/૨/૨૦૦૬, તા.૧૦/૮/૨૦૦૬ અને તા.૨૧/૧૧/૨૦૦૭ના ઠરાવોથી, સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ કોમ્પ્યુટરને લગતાં વિવિધ અભ્યાસક્રમો/કોર્સના પ્રમાણપત્રો/માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષ કે તેથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેના અનુસંધાને કેટલાંક વધુ અભ્યાસક્રમોને સી.સી.સી.લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમો તરીકે જાહેર કરવાની બાબત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના પરામર્શમાં સરકારની વિચારણા હેઠળ હતી. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની અનુમતિ અન્વયે આ સાથેના પરિશિષ્ટ-'અ'માં દર્શાવવામાં આવેલાં અભ્યાસક્રમોને આથી સી.સી.સી. લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમો તરીકે જાહેર કરવામાં આવે છે.

રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઈઓ અન્વયે ઉમેદવારની કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીના સી.સી.સી. લેવલ ઉપરાંત આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમોના પ્રમાણપત્રોને પણ માન્ય ગણવાના રહેશે.

(પાછળ)

૨. વધુમાં એમ પણ ઠરાવવામાં આવે છે કે, રાજ્યસેવા/પંચાયતસેવામાં કોઈ જગ્યા પર ફરજો બજાવતા અને સંદર્ભ (૪) અને (૫)માં દર્શાવેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬નાં જાહેરનામા/ઠરાવની જોગવાઈ મુજબ, ઉપરની જગ્યાએ બઢતી/ઉચ્ચત્તર પગારધોરણ માટે સ્પીપા/આઈ.ટી.આઈ. સંસ્થાઓ દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી./સી.સી.સી.પ્લસ લેવલની પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારી/અધિકારી જો ત્યારબાદ કોઈ બીજી જગ્યા માટે સીધી ભરતીથી પસંદગી થઈ તે જગા પર નિમણૂક પામે તો તે સંજોગોમાં સંબંધિત કર્મચારી/અધિકારીએ સીધી ભરતીથી તેવી નિમણૂકના પ્રસંગે DOEACC સોસાયટી માન્ય સી.સી.સી. કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરવાની રહેશે નહીં; એટલેકે જે કર્મચારી/અધિકારીએ બઢતી/ઉચ્ચત્તર પગારધોરણ માટે સ્પીપા/આઈ.ટી.આઈ. સંસ્થાઓ દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી./સી.સી.સી.પ્લસ લેવલની પરીક્ષા અગાઉ પાસ કરેલ હોય તેવા ઉમેદવારોને સીધી ભરતીથી નિમણૂકના પ્રસંગે DOEACC સોસાયટી માન્ય સી.સી.સી. કે અન્ય સમકક્ષ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર,
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર,
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર,
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,

સચિવાલયના તમામ વિભાગો (નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરીઓના વડાના ધ્યાને મૂકવાની વિનંતીસહ)
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ,
સીલેક્ટ ફાઈલ/ગ.ર શાખા.

- પત્ર દ્વારા

સામાન્ય વહીવટ વિભાગના તા.૮/૨/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૭/૩૪૨૨૭૮/ગ.૨નું

પરિશિષ્ટ-'અ'

DOEACC સોસાયટીના સીસીસી લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમોની યાદી:-

| ક્રમાંક | અભ્યાસક્રમનું નામ | યુનિવર્સિટીનું નામ |
|---|---|---|
| ૧. | પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લીકેશન | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી |
| ૨. | બી.ઈ. પાવર ઈલેક્ટ્રોનિક્સ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ૩. | એડવાન્સ્ડ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન | સી.યુ.શાહ સાયન્સ કોલેજ, અમદાવાદ |
| ૪. | એડવાન્સ્ડ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વવિદ્યાલય |
| ૫. | બી.એસસી. ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ગુજરાત યુનિવર્સિટી |
| ૬. | એમ.એસસી. ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ગુજરાત યુનિવર્સિટી |
| ૭. | બેચલર ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ૮. | પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લીકેશન | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ૯. | બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ) | સરદાર પટેલ યુનિવર્સિટી |
| ૧૦. | માસ્ટર ઓફ લાઇબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સાયન્સ | ભાવનગર યુનિવર્સિટી |
| ૧૧. | એડવાન્સ ઈલેક્ટ્રોનિક્સ કોમર્સ કોર્સ | ગુજરાત રાજ્ય વ્યાવસાયિક પરીક્ષા બોર્ડ |

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.

રાજ્ય સરકારની ઈ-ગવર્નન્સની નીતિ અન્વયે
વર્ગ-૧ થી વર્ગ-૩ની સીધી ભરતીમાં કોમ્પ્યુટરની
જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૭/૩૪૨૨૭૮/ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩-૦૬-૨૦૦૮.

વંચાણે લીધા: (૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૩/૬૭૨(૧)/ગ.૨, તા.૧૧/૮/૨૦૦૩ અને તા.૧૭/૮/૨૦૦૪.

(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૩/૬૭૨(૧)/ગ.૨, તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૨૦૦૫ અને તા.૧/૨/૨૦૦૬.

(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૦૬/૧૨૮૩/ગ.૨, તા.૧૦/૮/૨૦૦૬ તથા ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૦૭/૩૯૭૧૨૧/ગ.૨, તા.૨૧/૧૧/૨૦૦૭.

(૪) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૦૭/૩૪૨૨૭૮/ગ.૨, તા.૮/૨/૨૦૦૮.

## ઠરાવ

રાજ્ય સરકારની ઈ-ગવર્નન્સની નીતિ અન્વયે વર્ગ-૧ થી વર્ગ-૩ની જગ્યાએ સીધી ભરતીથી તેમજ બઢતીથી નિમણૂક પામનાર કર્મચારીને કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવામાં આવેલ છે. ઉમેદવારની સીધી ભરતીથી નિમણૂકની પાત્રતા માટે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૨૦૦૫, તા.૧/૨/૨૦૦૬, તા.૧૦/૮/૨૦૦૬, તા.૨૧/૧૧/૨૦૦૭ અને તા.૮/૨/૨૦૦૮ના ઠરાવોથી, સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેક્નીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ કોમ્પ્યુટરને લગતાં વિવિધ અભ્યાસક્રમો/કોર્સના પ્રમાણપત્રો/માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષ કે તેનાથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેના અનુસંધાને વધુ કેટલાંક અભ્યાસક્રમોને સી.સી.સી. લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવાની બાબત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના પરામર્શમાં સરકારની વિચારણા હેઠળ હતી. તે અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી મેળવેલ "માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ" (M.L.I.Sc.) ના અનુસ્નાતક અભ્યાસક્રમને સી.સી.સી. લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

(પાછળ)

૨. રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઈઓ અન્વયે ઉમેદવારની કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીના સી.સી.સી. લેવલ ઉપરાંત આ અભ્યાસક્રમના પ્રમાણપત્રને પણ માન્ય ગણવાનું રહેશે.

૩. આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની તા.૩/૬/૨૦૦૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર,
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર,
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
• સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
• સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
• સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર,
• રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
• સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
• સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
• સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
સચિવાલયના તમામ વિભાગો (નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરીના વડાના ધ્યાને મૂકવાની વિનંતીસહ),
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ,
સીલેક્ટ ફાઈલ/ગ.૨ શાખા.

---

• પત્ર દ્વારા

રાજ્ય સરકારની ઈ-ગવર્નન્સની નીતિ અન્વયે
વર્ગ-૧ થી વર્ગ-૩ની સીધી ભરતીમાં કોમ્પ્યુટરની
જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૦૭/૩૪૨૨૭૮/ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૭/૨૦૦૮

વંચાણે લીધા: (૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૩/૬૬૨(૧)/ગ.૨, તા.૧૧/૮/૨૦૦૩ અને તા.૧૭/૮/૨૦૦૪.

(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૩/૬૭૨(૧)/ગ.૨. તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૨૦૦૫ અને તા.૧/૨/૨૦૦૬.

(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૦૬/૧૨૮૩/ગ.૨, તા.૧૦/૮/૨૦૦૬ તથા ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૦૭/૩૯૭૧૨૧/ગ.૨, તા.૨૧/૧૧/૨૦૦૭.

(૪) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૦૭/૩૪૨૨૭૮/ગ.૨, તા.૮/૨/૨૦૦૮ અને તા.૧૩/૬/૨૦૦૮.

## ઠરાવ

રાજ્ય સરકારની ઈ-ગવર્નન્સની નીતિ અન્વયે વર્ગ-૧ થી વર્ગ-૩ની જગ્યાએ સીધી ભરતીથી તેમજ બઢતીથી નિમણૂક પામનાર કર્મચારીએ કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવામાં આવેલ છે. ઉમેદવારની સીધી ભરતીથી નિમણૂકની પાત્રતા માટે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૨૦૦૫, તા.૧/૨/૨૦૦૬, તા.૧૦/૮/૨૦૦૬, તા.૨૧/૧૧/૨૦૦૭, તા.૮/૨/૨૦૦૮ અને તા.૧૩/૬/૨૦૦૮ના ઠરાવોથી, સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/ તાલીમી સંસ્થામાંથી મેળવેલ કોમ્પ્યુટરને લગતાં વિવિધ અભ્યાસક્રમો/કોર્સના પ્રમાણપત્રો/ માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષ કે તેનાથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેના અનુસંધાને વધુ કેટલાંક અભ્યાસક્રમોને સી.સી.સી. લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવાની બાબત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના પરામર્શમાં સરકારની વિચારણા હેઠળ હતી. તે અન્વયે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી મેળવેલ "માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ" (M.L.I.Sc.) ના અનુસ્નાતક અભ્યાસક્રમને સી.સી.સી. લેવલથી ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

(પાછળ)

૨. રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઈઓ અન્વયે ઉમેદવારની કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીના સી.સી.સી. લેવલ ઉપરાંત આ અભ્યાસક્રમના પ્રમાણપત્રને પણ માન્ય ગણવાનું રહેશે.

૩. આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની તા.૩૦/૭/૨૦૦૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
• સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
• સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
• સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.
• સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
• રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
• સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
• સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
• સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના તમામ વિભાગો (નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરીના વડાના ધ્યાને મૂકવાની વિનંતીસહ).
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ,
સીલેક્ટ ફાઈલ/ગ.૨ શાખા.

---

• પત્ર દ્વારા

Notification
General Administration Department
Sachivalaya, Gandhinagar
Dated: 30/7/2008

**Constitution of India**

No.GS/2008/9/PSC/102007/UO-345/G-2:- In exercise of the powers conferred by the proviso to clause (3) of the article 320 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following regulations further to amend the Gujarat Public Service Commission (Exemption from Consultation) Regulations, 1960, namely;-

1. These regulations may be called the Gujarat Public Service Commission (Exemption from Consultation) (Amendment) Regulations, 2008.
2. In the Gujarat Public Service Commission (Exemption from Consultation) Regulations, 1960, in the SCHEDULE, for entry 2, the following entry shall be substituted, namely:-

   "2. Secretaries, Special Secretaries, Additional Secretaries and Joint Secretaries to Government."

By order and in the name of the Governor of Gujarat,

Deputy Secretary to Government

To
The Principal Secretary to the Governor, Raj Bhavan, Gandhinagar
The Principal Secretary to the Chief Minister.
The Personal Secretaries to all Ministers / Ministers of State
The Personal Secretary to Leader of Opposition, Gujarat Legislative Assembly, Gandhinagar.

- The Secretary, Gujarat Legislative Assembly, Gandhinagar.
- The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
- The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.
- The Registrar, Gujarat High Court, Sola, Ahmedabad.
- The Secretary, Gujarat Civil Services Tribunal, Gandhinagar.
- The Secretary, Gujarat Subordinate Services Selection Board, Gandhinagar.

All Secretariat Department.
The Manager, Government Central Press, Gandhinagar
. With a request to publish this notification in the Government Gazette and send 500 copies to this department.
All Officers and all branches in General Administration Department.
Select File.

-------

- By letter

# જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩૦/૭/૨૦૦૮.

ક્રમાંકઃ જીએસ-૨૦૦૮-(૯)-પીએસસી-૧૦૨૦૦૭-પુઓ-૩૪૫-ગ.૨,

ભારતનું સંવિધાનઃ- ભારતના સંવિધાનની કલમ-૩૨૦ ના ખંડ (૩) ના પરંતુકથી મળેલ સત્તાની રૂએ, ગુજરાતના રાજયપાલ, આથી ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુકિત) વિનિયમો, ૧૯૬૦ હેઠળ વધુ સુધારવા નીચેના વિનિયમો કરે છેઃ-

(૧) આ વિનિયમો, ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુકિત) (સુધારો) વિનિયમો, ૨૦૦૮ કહેવાશે.

(૨) ગુજરાત રાજય સેવા આયોગ(વિચાર વિનિમયમાંથી મુકિત) વિનિયમો ૧૯૬૦ માં, અનુસૂચિમાં નોંધ-૨ ના બદલે નીચેનો મજકૂર મુકવોઃ-
"૨.સરકારના સચિવો, ખાસ સચિવો, અધિક સચિવો અને સંયુકત સચિવો."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સરકારના નાયબ સચિવ

સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસો
માર્ક કરવાનો રાહ(channel of submission)
નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસીઓએસ–૧૦૨૦૦૫–૫૧૬–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૨૧/૦૮/૨૦૦૮.

વંચાણે લીધાઃ–

(૧) સા.વ.વિ.ના તા.૨૩–૧૨–૨૦૦૫, તા.૨૦–૪–૨૦૦૬, તા.૨૬–૭–૦૬ અને તા.૩–૩–૦૭ ના સરખા ક્રમાંકના ઠરાવો.

ઠ રા વઃ–

ઉપર વંચાણે લીધેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩–૧૨–૨૦૦૫, તા.૨૦–૪–૦૬ તા.૨૬–૭–૦૬ અને તા.૩–૩–૦૭ ના ઠરાવોથી વર્ગ–૧ ના અધિકારીઓને લગતી સેવા, મહેકમ, શિસ્ત વિષયક બાબતોમાં કેસોની રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. ઉકત સા.વ.વિ.ના તારીખઃ૨૩–૧૨–૦૫ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ–૧ ના અનુક્રમ નં.૧૧ માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની વર્ગ–૧ ની જુદી જુદી જગ્યાઓ માટે એડહોક નિમણૂંકોના કેસોનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. તેમાં ફેરફાર કરીને હવે નીચે કોલમ–૩ અને કોલમ–૪ માં દર્શાવ્યા મુજબનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવે છેઃ–

| અનુક્રમ | વિષય | રૂા.૧૬,૦૦૦–૨૦૦૫૦ કે તેથી ઉપરનાં પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને લગતી બાબતો | વર્ગ–૧ ના અન્ય અધિકારીઓને લગતી બાબતો. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની જુદી જુદી જગ્યાના ભરતીના નિયમ અનુસારની એડહોક નિમણૂંકો<br>(૧) એક વર્ષ સુધી | (૧) આ. અને પ.ક. વિભાગના સચિવશ્રી,<br>(૨) મંત્રીશ્રી | (૧) આ. અને પ.ક. વિભાગના સચિવશ્રી,<br>(૨) રા.ક.મંત્રીશ્રી. | – |
| | (૨) એક વર્ષ ઉપરાંતના સમય માટે એડહોક નિમણૂંક લંબાવવા જાહેર સેવા આયોગની મંજૂરી મેળવવા આયોગને દરખાસ્ત મોકલવાના કેસો અને આવા કેસોમાં આયોગની મંજૂરી મળતા આયોગે મંજૂર રાખેલ એડહોક નિમણૂંકો એક વર્ષ ઉપરાંતના સમય માટે લંબાવવાના કેસો, | (૧) આ. અને પ.ક. વિભાગના સચિવશ્રી,<br>(૨) મંત્રીશ્રી. | (૧) આ. અને પ.ક. વિભાગના સચિવશ્રી, | |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન. સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

P.T.O.

પ્રતિ,

– નામ.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
– માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
– સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના સંગત સચિવશ્રી,
– સચિવાલયના તમામ વહીવટી વિભાગો
– સા.વ.વિ.ની તમામ શાખાઓ / અધિકારીઓ,
– સીલેકટ ફાઈલ/ગ.ર શાખા.

વર્ગ-૧ ની દ્વિતીય કક્ષાની જગ્યાઓ
માટે પસંદગીયાદી બનાવવાના સિધ્ધાંતો
'વિચારણાનું ક્ષેત્ર' ધ્યાને લેવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૬/૯/૨૦૦૮.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૯-૧૦-૦૫ નો ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૦૨૦૦૫-૧૦૦૮-ગ.૨,
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૯-૩-૮૨ નો ઠરાવ ક્રમાંકઃ-એસએલટી૧૦૮૨-૬૨૯-ગ.૨,

ઠ રા વઃ-

સરકારના સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ-૧ હેઠળના તા.૨૯/૧૦/૨૦૦૫ ના ઠરાવથી વર્ગ-૧ ની દ્વિતીય કક્ષાની જગ્યા પર બઢતી માટે યોગ્ય અધિકારીઓની પસંદગી માટે 'ઘણા સારા' ખાનગી અહેવાલની ગુણકક્ષા નિયત કરવામાં આવેલ છે. વધુમાં આ બઢતી માટે અધિકારીઓની પસંદગીયાદી તૈયાર કરતી વખતે, સંદર્ભ-૨ હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૩/૮૨ ના ઠરાવ અનુસાર, 'વિચારણાના ક્ષેત્ર' ની જોગવાઈ લાગુ પાડવાનું ઠરાવવામાં આવેલ છે, તે મુજબ ઉપરોકત જગ્યાઓ માટે પસંદગીયાદી તૈયાર કરતી વખતે એક જગ્યા માટે પાંચ, બે જગ્યા માટે આઠ, ત્રણ જગ્યા માટે દસ અને ચાર કે તેથી વધુ જગ્યા માટે, જગ્યાની સંખ્યાથી ત્રણ ગણા અધિકારીઓની વિચારણા કરવાની થાય છે. પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે, પસંદગી યાદી તૈયાર કરતી વખતે વિચારણાના ક્ષેત્રની સંખ્યાઓ કરતાં ઓછી સંખ્યાના અધિકારીઓમાંથી જ ઉપલબ્ધ ખાલી જગ્યાઓ જેટલા અધિકારીઓ પસંદગી માટે 'યોગ્ય' ઠરે છે, છતાં વિચારણા ક્ષેત્ર જેટલા તમામ અધિકારીઓના નામોની વિચારણા કરવાથી વહીવટી તંત્રનું બિનજરૂરી કાર્યભારણ વધવા પામે છે. આથી કાળજીપૂર્વક વિચારણાના અંતે ઠરાવવામાં આવે છે કે વર્ગ-૧ માંથી વર્ગ-૧ ની દ્વિતીય કક્ષાની જગ્યાએ બઢતી માટે ઉપલબ્ધ ખાનગી અહેવાલોને આધારે 'ઘણા સારા' બેંચ માર્કના આધારે પસંદગી યાદી તૈયાર કરવાના પ્રસંગે જો ઉપલબ્ધ ખાલી જગ્યાની સંખ્યા જેટલા પ્રવર અધિકારીઓ નિયત બેંચમાર્ક પ્રમાણે ઉપલી જગ્યાએ

P.T.O.

બઢતી માટે યોગ્ય ઠરે તો, ત્યાર પછી વિચારણાના ક્ષેત્રમાં બાકીના અધિકારીઓના નામોની વિચારણા કરવાની રહેશે નહી. દા.ત. વર્ગ-૧ ની દ્વિતીય કક્ષાની ૧૦ જગ્યાઓ માટે પસંદગીયાદી તૈયાર કરતી વખતે ૩૦ અધિકારીઓની વિચારણા કરવાની થાય. પરંતુ જો બઢતી માટે 'અયોગ્ય' ઠરેલા અધિકારીઓ સહિત કુલ ૧૫ અધિકારીઓના નામોની વિચારણા કરવાથી જ નિયત બેંચમાર્ક ધરાવતા દશ અધિકારીઓ બઢતી માટે યોગ્ય ઠરે તો, તે સંજોગોમાં વિચારણાના ક્ષેત્રમાંના બાકીના પંદર અધિકારીઓના નામોની વિચારણા કરવાની રહેશે નહી.

આ ઠરાવ જાહેર સેવા આયોગના પરામર્શમાં બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી. ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌ.ણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
<u>સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / શાખાઓ.</u>
× પત્ર ધ્વારા.

**શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે સીધી ભરતીમાં રાખવામાં આવતી અનામત જગ્યાઓ તેમજ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવતી છૂટછાટ માટે આપવામાં આવતા વિકલાંગતા(disability)અંગેના પ્રમાણપત્રનો નમૂનો નિયત કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧ /૧૨/૨૦૦૮.

પરિપત્રઃ-

કેન્દ્ર સરકારના વિકલાંગ(સમાન તક,અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી)ધારા-૧૯૯૫ ની જોગવાઈ ધ્યાને લઈને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી વિકલાંગ વ્યકિતઓ માટે નોકરીમાં ૩(ત્રણ) ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૧/૮૫ ના ઠરાવ અને વખતોવખતના સુધારાઓની જોગવાઈઓ મુજબ વિકલાંગ વ્યકિતઓને સીધી ભરતીથી નિમણૂંક માટે ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવેલ છે. આ જોગવાઈઓ મુજબ સરકારી સેવાઓ અને જગ્યાઓના ભરતી નિયમો મુજબ નિમણૂંક માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો તરફથી વિકલાંગતા(disability)અંગે રજુ કરવામાં આવતા તબીબી પ્રમાણપત્રોની ચકાસણીમાં ગુજરાત જાહેર સેવા આયોગ તેમજ અન્ય ભરતી એજન્સીઓને સરળતા રહે તેમજ એકસૂત્રતા જળવાય તે હેતુથી વિકલાંગતા અંગેના પ્રમાણપત્રનો નમુનો નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તદ્અનુસાર પ્રસ્તુત બાબતે ભારત સરકાર ધ્વારા નિયત કરવામાં આવેલ વિકલાંગતા અંગેના પ્રમાણપત્રની વિગતો ધ્યાને લઈને આ સાથે સામેલ પરિશિષ્ટ-'અ' મુજબનો વિકલાંગતા અંગેના પ્રમાણપત્રનો નમુનો નિયત કરવામાં આવે છે.

૨. ઉપરોકત હેતુ માટે હવેથી વિકલાંગ વ્યકિત માટે રાજ્યની જિલ્લા સરકારી હોસ્પીટલોના અધિક્ષકશ્રીઓ / સિવિલ સર્જનોએ આ સાથે સામેલ કરેલ નમૂના મુજબ વિકલાંગતા અંગેના પ્રમાણપત્રો આપવાના રહેશે, ગુજરાત જાહેર સેવા આયોગ તેમજ અન્ય ભરતી એજન્સીઓ ધ્વારા સીધી ભરતીથી નિમણૂંક માટે ઉમેદવારો પાસેથી અરજીપત્રકો મંગાવવા માટે આપવામાં આવતી જાહેરાતોના સંદર્ભમાં વિકલાંગ ઉમેદવારો તરફથી કરવામાં આવતી અરજીઓ સાથે ઉમેદવારોએ આ સાથે સામેલ પરિશિષ્ટ-'અ' મુજબનું વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર(Disability Certificate) રજુ કરવાનું રહેશે.

P.T.O.

૩. આ સુચનાઓ રાજ્યની સર્વે જિલ્લા સરકારી હોસ્પીટલોના અધિક્ષકશ્રીઓ / સિવિલ સર્જનો તેમજ રાજ્યની તમામ ભરતી એજન્સીઓ તેમજ રાજ્યના તમામ જાહેર ઉપક્રમો / નિગમોની ભરતી એજન્સીઓના ધ્યાને લાવવા તેમજ તેના અમલ માટે જરૂરી સૂચનાઓ આપવા સચિવાલયના સંબંધિત વિભાગોને આથી આગ્રહપૂર્વક જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી),
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણઃ- પરિશિષ્ટ-'અ'

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો(પાંચ નકલો).
સર્વે જિલ્લા સરકારી હોસ્પીટલોના અધિક્ષકશ્રી,સિવિલ સર્જનશ્રી,
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીશ્રીઓ,
સીલેક્ટ ફાઈલ-ગ.૨ શાખા, સામાન્ય વહીવટ વિભાગ.
× પત્ર ધ્વારા.

સા.વ.વિ.નાં તા.૨-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક:- પરચ-૧૦૨૦૦૮-૪૬૯૦૪૭-ગ.૨ સાથેનું બિડાણ

પરિશિષ્ટ 'સ'

**NAME & ADDRESS OF THE INSTITUTE / HOSPITAL**

Certificate No.____________________ Date :__________

**DISABILITY CERTIFICATE**

This is to certify that Shri / Smt. / Kum. ____________________ Son/wife/daughter of Shri ____________________ Age : ________ Sex ________ identification mark (s) is suffering from permanent disability of following category :-

A. Locomotor or cerebral palsy :

(i) BL - Both legs affected but not arms

(ii) BA - Both arms affected — (a) Impaired reach (b) Weakness of grip

(iii) BLA - Both legs and both arms affected

(iv) OL - One leg affected (right or left) — (a) Impaired reach (b) Weakness of grip (c) Ataxic

(v) OA - One arm affected — (a) Impaired reach (b) Weakness of grip (c) Ataxic

(vi) BH - Stiff back and hips (cannnot sit or stoop)

(vii) MW - Muscular weakness and limited physical endurance.

Affix here recent attested photograph showing the disability duly attested by the Suprintendent/Civil Surgeon, Govt.Hospital

B. Blindness or Low Vision — (i) B - Blind (ii) PB - Partially Blind

C. Hearing Impairment. — (i) D - Deaf (ii) PD - Partially Deaf

**( DELETE THE CATEGORY WHICHEVER IS NOT APPLICABLE)**

2. This condition is progressive / non-progressive / likely to improve / not likely to improve. Reassessment of this case is not recommended / is recommended after a period of ______ years _____ months. (Strik out which is not applicable).

3. Percentage of disability in his/her case is ____________ Percent.

4. Shri / Smt. / Kum. ____________ meets the following physical requirements for discharge of his / her duties :-

| | | |
|---|---|---|
| (i) | F-can perform work by manipulating with fingures | Yes/No |
| (ii) | PP-can perform work by pulling and pushing | Yes/No |
| (iii) | L-can perform work by lifting | Yes/No |
| (iv) | KC-can perform work by kneeling and cratching | Yes/No |
| (v) | B-can perform work by bending | Yes/No |
| (vi) | S-can perform work by sitting (on bench or chair) | Yes/No |
| (vii) | ST-can perform work by standing | Yes/No |
| (viii) | W-can perform work by walking | Yes/No |
| (ix) | SE-can perform work by seeing | Yes/No |
| (x) | H-can perform work by hearing/speaking | Yes/No |
| (xi) | RW-can perform work by reading and writing | Yes/No |

Suprintendent / Civil Surgeon

Govt.Hospital (With Seal)

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતિક્ષાયાદીની મુદત અને ઉપયોગ બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ–પીએસસી–૧૦૮૯–૩૯૧૦–ગ.ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૨૪/૧૨/૨૦૦૮.

વંચાણમાં લીધાઃ–
(૧) સા.વ.વિભાગનો તા.૨૦–૦૨–૧૯૯૮ નો પરિપત્ર ક્રમાંકઃ–પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.ર,
(૨) સા.વ.વિભાગનો તા.૧૬–૦૬–૧૯૯૯ નો પરિપત્ર ક્રમાંકઃ–પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.ર,

પ રિ પ ત્રઃ–

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતિક્ષાયાદીની મુદત તથા પ્રતિક્ષાયાદીના ઉપયોગ બાબતમાં ઉપર વંચાણમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૨૦/૨/૯૮ અને તા.૧૬/૬/૯૯ ના પરિપત્રોથી સુચનાઓ આપવામાં આવેલ છે. તદ્‌નુસાર આવી પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે બેમાંથી જે વહેલું હોય તેના આગલા દિવસ સુધી(કચેરી સમય સુધી જ) અમલમાં રહે છે. તેમજ આયોગે ભલામણ કરેલ ઉમેદવાર પૈકી જો કોઈ ઉમેદવાર હાજર ન થાય તો તેટલી જ સંખ્યામાં પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારોની માંગણી કરી શકાય છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં કોર્ટ કેસના કારણે કે બીજા કોઈ અનિવાર્ય વહીવટી કારણોસર આયોગે ભલામણ કરેલ ઉમેદવારોને નિમણૂંકો આપવામાં વિલંબ થવાના લીધે આયોગે ભલામણ કરેલ ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવાર / ઉમેદવારો હાજર ન થાય તો તેટલી સંખ્યામાં પ્રતિક્ષાયાદી પરના ઉમેદવારોના નામો ઉપર નિર્દેશીત નિયત સમય–મર્યાદામાં મંગાવી શકાતા નથી. પરિણામે પ્રતિક્ષાયાદીનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી. આથી પ્રતિક્ષાયાદીના ઉપયોગ અને મુદત માટેની પ્રવર્તમાન સુચનાઓમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે પરત્વે પુખ્ત વિચારણાના અંતે ઉપર સંદર્ભમાં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૨/૯૮ અને તા.૧૬/૦૬/૯૯ ના પરિપત્રો રદ કરીને પ્રતિક્ષાયાદીની મુદત તેમજ પ્રતિક્ષાયાદીના ઉપયોગ બાબતે ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં રહીને નીચે પ્રમાણેની સુચનાઓ આપવામાં આવે છે.

પ્રતિક્ષાયાદીની સમય–મર્યાદાઃ–

(૧) સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં અથવા પરીક્ષા સિવાયની સીધી પસંદગીમાં પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરીણામ જાહેર થાય તે બે પૈકી જે વહેલું હોય, તેના આગલા દિવસ સુધી(કચેરી સમય સુધી જ) અમલમાં રહેશે.

P.T.O.

(૨) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરાયેલા ઉમેદવારોને નિમણૂંક આપવા અંગેની સઘળી કાર્યવાહી ભલામણની તારીખથી બે માસમાં પુર્ણ કરવાની તથા તે અંગેની આયોગને વિગતવાર જાણ કરવા અંગેની સુચનાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૧/૧૯૬૯ અને તા.૧૨/૧/૧૯૭૦ ના પરિપત્ર ક્રમાંકઃપીએસસી-૧૦૬૮-૬૫૬૬-જી થી આપવામાં આવી છે. આ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે અને નિમણૂંકો આપવામાં શકય તેટલો ઓછો સમય લેવાય તે જરૂરી છે. પરંતુ કોઈપણ સંજોગોમાં આ સમય છ માસથી વધવો જોઈએ નહી. કોઈ ખાસ કિસ્સામાં તેમ ન બની શકે તો જે તે વિભાગ દ્વારા જરૂરી કારણો સહિત તેવી બાબતોની જાણ અચૂકપણે આયોગને કરવાની રહેશે. વધુમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને વધુમાં વધુ છ માસમાં નિમણૂંકો આપી દેવાની રહેશે. પરંતુ કોર્ટ સમક્ષ કોઈ પડતર વિવાદ, મનાઈહુકમ, ચૂંટણીની આચારસંહિતાનો અમલ કે બીજા કોઈ અનિવાર્ય વહીવટી કારણોસર પસંદગીયાદી પરના ઉમેદવારને નિમણૂંક આપવામાં જો છ માસ કરતાં વધુ સમય જાય તો તેવા સંજોગોમાં પસંદગીયાદી ઉપરના છેલ્લા ક્રમાંકના ઉમેદવારનો નિમણૂંક હુકમ જે તારીખે કરવામાં આવે તે તારીખથી દોઢ વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલું હોય તેના આગલા દિવસ સુધી(કચેરી સમય સુધી જ)પ્રતિક્ષાયાદી અમલમાં રહેશે.

(૩) પ્રતિક્ષાયાદીની બે વર્ષની મુદતની શરૂઆત, ગુજરાત જાહેર સેવા આયોગે ભલામણ કર્યા તારીખથી ગણવાની રહેશે.

<u>પ્રતિક્ષાયાદીનો ઉપયોગઃ-</u>

(૧) સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં અથવા પરીક્ષા સિવાયની સીધી પસંદગીમાં આયોગે ભલામણ કરેલ ઉમેદવાર પૈકી જો કોઈ ઉમેદવાર હાજર નહી થાય તો વિભાગ તેટલી જ સંખ્યામાં પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારોની માંગણી કરી શકશે. પરંતુ સીધી પસંદગીમાં સમાવિષ્ટ તબીબી અને શૈક્ષણિક પ્રકારની જગ્યાઓમાં ગતિશીલતા વધુ હોય છે. આથી સીધી ભરતીના આવા કિસ્સામાં આયોગે ભલામણ કરેલ ઉમેદવાર હાજર ન થાય તો તે જગા ભરવા તેમજ ઉમેદવાર હાજર થયા બાદ અજમાયશી સમય દરમ્યાન રાજીનામું આપીને કે અન્ય કારણોસર ફરજમુકત(Relieve)થાય અને જગા ખાલી પડે તો તે પૂરવા માટે જ સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારની માંગણી કરી શકશે.

(૨) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવાર શૈક્ષણિક લાયકાત, અનુભવ, જાતિ પ્રમાણપત્ર કે અન્ય કારણસર નિમણૂંકને પાત્ર ન બને ત્યારે ખાલી રહેતી જગ્યા માટે સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારની માંગણી કરી શકશે.

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવારનું નિમણૂંક આપતાં પહેલાં અવસાન થવાના પ્રસંગે સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારની માંગણી કરી શકશે.

**પ્રતિક્ષાયાદીમાંથી નામો મેળવવાની દરખાસ્તઃ-**

સ્પર્ધાત્મક પરીક્ષા / સીધી પસંદગીની પ્રતિક્ષાયાદીમાંથી નામ મંગાવવા અંગેનો સરકારનો પત્ર આયોગની કચેરીને પ્રતિક્ષાયાદીની નિયત થયેલ મુદતમાં એટલે કે કચેરી સમય(office hours)માં મળશે તેવા કિસ્સાઓમાં આયોગ પ્રતિક્ષાયાદીમાંથી નિમણૂંક કરવા માટે ઉમેદવારોની ભલામણ કરશે.

**અન્ય જોગવાઈ :-**

રાજ્યમાં ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકાર સિવાયની જગ્યાઓ માટે પણ અન્ય ભરતી એજન્સીઓ દ્વારા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવે છે. ગુજરાત જાહેર સેવા આયોગના કાર્યક્ષેત્રાધિકાર સિવાયની અન્ય તમામ જગ્યાઓ માટે પણ ઉપરોકત જોગવાઈઓ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ એમ. રાવલ )
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (તેઓના નિયંત્રણ હેઠળના ખાતાના/કચેરીના વડાઓને જાણ કરવાની વિનંતી સહ)
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
× પત્ર દ્વારા.